# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
# ગાંધીનગર.
## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે, ઓક્ટોબર-૨૦૧૧ થી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાન પ્રવાહમાં ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક મશબ/૨૦૦૧/૧૨૩૩/છ.તા.૨૧/૦૯/૨૦૧૧ ના ઠરાવથી સેમેસ્ટર પધ્ધતિ અમલમાં મુકવામાં આવેલ હતી. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:- મશબ/૨૦૦૫/૧૨૩૩/છ તા.૦૮/૦૮/૨૦૧૬ ના ઠરાવથી સેમેસ્ટર પદ્ધતિ વર્ષ-૨૦૧૬-૧૭ ના વર્ષથી રદ કરવામાં આવેલ છે. ૧ થી ૪ સેમેસ્ટરનો અભ્યાસ પૂર્ણ કરેલ હોય અને વિજ્ઞાન પ્રવાહમાં ૧ થી ૪ સેમેસ્ટરની પરીક્ષાના તમામ વિષયોમાં ઉપસ્થિત રહ્યા બાદ અનુત્તિર્ણ (N.I.) થયેલ તથા જુલાઈ-૨૦૧૭ અને તે પહેલાંની જુલાઈ પુરક પરીક્ષામાં અનુત્તિર્ણ (N.I.) થયેલ ઉમેદવારોની ખાસ પરીક્ષા એપ્રિલ-૨૦૧૮ માં જે તે જિલ્લા મથકના પરીક્ષા કેન્દ્ર ખાતે લેવામાં આવશે. સદર પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગતા ઉમેદવારો માટેના આવેદનપત્ર બોર્ડની વેબસાઇટ **www.gseb.org** ઉપર તા.૧૫/૧૨/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધી ઓનલાઈન ભરવાનો સમયગાળો નિયત કરેલ છે. તો જણાવેલ સમયમર્યાદામાં આવેદનપત્રો અચૂક ભરવાના રહેશે. જેની શાળાના આચાર્યશ્રીઓ/વાલીઓ તથા વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

તારીખ – ૦૭/૧૨/૨૦૧૭.
સ્થળ - ગાંધીનગર.

પરીક્ષાસચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.